જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૧૦/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૯/૧૮**

**નવરંગપુરાઃ** ડાહ્યાભાઇ કેશવલાલ પંચાલ (ઉ.વ.૬૨)(રહે,પંચધારા પ્લાઝા, ઓશિયન પાર્ક બિલ્ડીંગની પાછળ, સેટેલાઇટ રોડ, નહેરૂનગર સર્કલ પાસે આંબાવાડી) એ તા.૦૨/૧૦/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સી.જી.રોડ લાલ બંગલો સામે નેશનલ પ્લાઝા ખાતે આરોપી (૧) રીતેશ દિલીપભાઇ કોટક (રહે, અરીહંત બંગ્લોઝ સન સીટી, ગાલા જીમખાના રોડ સાઉથ બોપલ) (૨) રમેશભાઇ ઇશ્વરભાઇ ઠકકર (રહે, હેમાવન ફ્લેટ બોપલ) (૩) ધનશ્યામભાઇ છોટાલાલ ઠક્કર (રહે,વલ્લભ એપાર્ટમેન્ટ ફતેહનગર પાલડી) (૪) ધનશ્યામભાઇ ભોળીદાસ પટેલ (રહે,સહજાનંદ સ્ટેટસ શુકન બંગલો સામે, સાયન્સ સીટી રોડ સોલા) (૫) ધુળાભાઇ ઉર્ફે ધીરૂભાઇ કાળીદાસ પટેલ (રહે,માનસરોવર બંગલોઝ,બલોલનગર સોસાયટી પાછળ રાણીપ) જે હરીકુષ્ણા ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા હરી એન્ટરપ્રાઇઝના ભાગીદારોએ ભેગામળી ડાહ્યાભાઇ પાસેથી રૂપિયા ૩,૧૮,૫૦,૦૦૦/- મેળવી લઇ, સિક્યુરીટી પેટે આપેલ કુલ-૩૫ ફ્લેટના એલોટમેંટ લેટર તથા ફ્લેટ ડાહ્યાભાઇને આપેલ હોવા અંગેનું નોટરી રૂબરૂ લખાણ કરી આપેલ હોવા છતાં આ ફ્લેટ પૈકી રાજીપા ગ્રીનલેંડ સ્કીમના ૧૦ ફ્લેટો ડાહ્યાભાઇની જાણ બહાર અન્ય વ્યક્તિઓને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી તેમજ ઓઢવ ખાતે આવેલ જમીન ઉપર રાજીપા ઉત્સવ નામની સ્કીમમાં ૨૫ ફ્લેટ આપવાની લેખીતમાં જાણ કરેલ હોવા છતા આ જગ્યાએ કોઇ સ્કીમ નહી બનાવી આ જગ્યા સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયામાં મોર્ગેજ કરી રૂપિયા ૧૪,૨૫,૦૦,૦૦૦/- લોન મેળવી જમીન “શ્રીજી ડેવલોપર્સ”ને વેચી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એમ.પરમાર ચલાવે છે.

**વાડજઃ** વિજયભાઇ પરબતભાઈ બાપોદરા (ઉ.વ.૨૪)(રહે,આબાદનગર સોસાયટી, દુર્ગા ડેરીની બાજુમાં બોપલ) એ તા.૨/૧૦/૧૮ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૧૭ થી તા.૩૦/૧૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન ઊસ્માનપુરા ફોર્ચ્યુન લેન્ડમાર્ક હોટેલ સામે અશ્વરથ કોમ્પલેક્ષ ખાતે આવેલ "એડમાયર ઈન્ટરનેશનલ કન્સલટન્સી કંપની" ખાતેની ઓફીસમાં આરોપી વરૂણભાઈ તથા એડમાયર ઈન્ટરનેશનલ કન્સલટન્સી કંપનીના સંચાલકોએ ભેગા મળી વિજયભાઇ તથા તેમના મિત્ર રામ મોઢવાડીયા નાઓને ઈટાલી વર્ક વિઝા અપાવવાના બહાને વિશ્વાસમાં લઈ કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/- બેંક દ્વારા મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**આનંદનગરઃ** એકતાબહેન વા/ઓ સુહરિદ (ઉ.વ.૩૯) (રહે,હેરીટેજ ઓપસ એપાર્ટમેન્ટ ગ્રીન એકર્સની સામે વ્રજવિહારની બાજુમાં પ્રહલાદનગર) એ તા.૨/૧૦/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ચારેક મહિના અગાઉ થી તા.૦૭/૦૯/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન એકતાબહેનના ઘરે તેમના ડ્રાઇવર (૧) સુરેશભાઇ હિરાભાઇ દેસાઇ તથા તેમની માતા (૨) ચંપાબેન હિરાભાઇ દેસાઇ તથા તેમના પરીવારના સભ્યો (૩) હિરાભાઇ દેસાઇ (૪) ચહેરાભાઇ દેસાઇ (૫)પરાગભાઇ સુરેશભાઇ દેસાઇ (તમામ રહે,જનતાનગર ચાણકયપુરી સેકટર-૫ રેલ્વે ક્રોસીંગ પાસે ઘાટલોડીયા) એ ભેગા મળી એક્તાબહેન પાસેથી રૂપિયા ૧૨,૫૧,૦૦૦/- મેળવી લઇ રૂપિયા પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૦/૧૮**

**વસ્ત્રાપુરઃ** ગીરીશ વલ્લભદાસ ભણસાલી (ઉ.વ.૬૨)(રહે,સાસ્વત બંગલો, એસ.કે.ફાર્મની આગળ, રાજપથ ક્લબ ની પાછળ બોડકદેવ) એ તા. ૨/૧૦/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૮/૧૮ રાતના ૦૮/૦૦ થી તા.૨૫/૦૮/૧૮ સવારના ૧૦/૩૦ દરમ્યાન બોડકકદેવ ગ્રાંડ ભગવતી પાસે આવેલ ૧૮ સમકીત બંગ્લામા "અવાકાસા" નામની કપડાની દુકાનના બારીના સળીયા વચ્ચે જગ્યા કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કપડા આશરે કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૩૧/૧૮**

**શાહીબાગઃ** વિક્રમભાઇ લાલચંદ જૈન (ઉ.વ.૪૦)(રહે.મલ્લીનાથ કોમ્લ્પેક્ષ જૈન કોલોની સામે શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૦/૧૮ રાતના ૦૯/૪૫ વાગ્યાના સુમારે વિક્રમભાઇ તથા તેમના પિતાજી તથા ભાઇનો દિકરો અવીન દુકાનેથી રીક્ષામા બેસી આવેલા અને મલ્લીનાથ કોમ્પ્લેક્ષના અંદરના ભાગે રીક્ષા ઉભી રાખી, વિક્રમભાઇ તથા અવીન રીક્ષામાંથી ઉતરી રોકડ રૂપિયા આઠ થી દસ લાખ ભરેલ બેગ લીફટ આગળ મુકેલ, દરમ્યાન તેમના પિતાજી રીક્ષાનું ભાડુ ચુકવતા હતા ત્યારે એક પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) નજર ચુકવી રૂપિયા ભરેલી બેગ ચોરી કરી લઇ, બહાર મોટર સાયકલ લઇ ઉભેલ તેના સાગરીત પાછળ બેસી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.પી.મકવાણા ચલાવે છે.

<u>વાહન ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૩૨/૧૮</u>

**ઓઢવ**ઃ શ્રવણભાઇ રાવતભાઇ વણઝારા (રહે.વણઝારા વાસ હનુમાનજી મંદિર પાસે છોટાલાલની ચાલી પાસે ઓઢવ) એ તા.૨૪/૦૯/૧૮ રાતના ૧૧/૦૦ વાગે ઓઢવ સરણીયાવાસ સામે પોતાની આઇસર ગાડી નંબર જીજે.૦૯.વી.૮૩૫૧ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૫/૦૯/૧૮ સવારના ૦૬/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ શ્રવણભાઈ વનઝારાએ તા.૨/૧૦/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

<u>ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૩૩/૧૮</u>

**ચાંદખેડા**ઃ પ્રહલાદભાઇ ગીગાભાઇ (ઉ.વ.૪૫) (રહે. ઉમાભવાની ફાટક પાસે કાચા છાપરામા ચાંદખેડા) તા.૦૧/૧૦/૧૮ સાજના ૬/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક રેલવે ફાટક ક્રોસ કરતા હતા ત્યારે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૩૪/૧૮</u>

**વાસણાઃ (૧)** સુર્યકાંત તપનકુમાર બર્મન (ઉ.વ.૩૧) (રહે. સ્પર્શ ઓરા ફ્લેટ સિલ્વર ફ્લોરાની સામે જી.બી.શહ કોલેજ પાછળ વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૧૮ બપોરના ૪/૨૦ વાગ્યાના સુમારે સ્પર્શ ઓરા ફ્લેટ સિલ્વર ફ્લોરાની સામે જી.બી.શાહ કોલેજ પાછળ વાસણા ખાતે ભાડાના મકાનમા ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**(૨)** જાનુબહેન વા/ઓ મહેશભાઇ ગળીયલ (ઉ.વ.૨૨) (રહે. કુંભારવાસ ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૧૮ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ગુપ્તાનગર વાસણા ખાતે પિતાના ઘરે પોતાની જાતે સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એમ” ડીવીજન ચલાવે છે.

**રાણીપ**ઃ દિલીપભાઇ કાનજીભાઇ પટેલ (ઉ.વ.૫૧) (રહે. નવો વાસ રાધાકૃષ્ણ મંદીરની બાજુમાં રાણીપ ગામ) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૧૮ કલાક ૨૪/૦૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ કલેક્ટર કચેરી ગેટ નંબર-૧ સામે ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંન્દ્રસિંહ જસવંતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.